# શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ માટુંગા (પાખાડી)

૧૬, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.), મુંબઈ - ૪૦૦૦૧૯. ફોન : ૨૪૦૨ ૧૪૬૩ /૨૪૦૧ ૮૨૮૪ /૮૧૦૪૩૬૨૩૯૦

સંચાલિત

# શ્રી નાનાલાલ સ્વરૂપચંદ ચત્રભુજ ખંડોર સેનેટોરીયમ - લોનાવાલા

૨૮/૧૧૩, ન્યુ તુંગાર્લી, લખાની પાર્કની પાછળ, ઈન્દીરા નગર, લોનાવાલા, પુના - ૪૧૦૪૦૧. ફોન : ૦૨૧૧ - ૪૨૭ ૮૯૦૦/ ૦૮૦૦૭૦ ૧૫૫૭૧

## કુદરતના સાનિધ્યમાં અત્યાધુનિક સગવડ સાથેનું આરોગ્યધામ

❀ ૩ વીલા ❀ ૮ બ્લોક ❀ ૧ ટેરેસ ફ્લેટ ❀

### ❖ સગવડતા ❖

**દરેક વીલામાં** : ત્રણ બેડરૂમ A.C. સાથે, ત્રણ બાથરૂમ ટોયલેટ, હોલ T.V. સાથે

**દરેક બ્લોકમાં** : એક બેડરૂમ, બાથરૂમ ટોયલેટ, હોલ A.C. તથા T.V. સાથે

**ડીલક્ષ ટેરેસ ફ્લેટમાં** : ત્રણ બેડરૂમ A.C. સાથે, ત્રણ બાથરૂમ ટોયલેટ, હોલમાં T.V., સોફા, ટેબલ, ખુરશી, હોલની આગળ ૨૦૦ ફૂટની ગેલેરી, હોલની પાછળ ૨૦૦ ફૂટનું સ્લાઈડીંગ વીન્ડો પેક ટેરેસ તથા હોલની ઉપર સ્વતંત્ર ૮૦૦ ફૂટનું સ્લાઈડીંગ વીન્ડો પેક ટેરેસ.

**દરેકમાં કોમન સગવડ** : ગાદલા, ચાદર, દરેક બેડરૂમમાં પલંગ, કબાટ, ડ્રેસીંગ ટેબલ, ટીપોય, હોલમાં બે દિવાન ખુરશી, પંખો તથા અન્ય સામાન્યત જરૂરતના સાધનો તથા ૨૪ કલાક પાણીની સગવડ.

**હેતુ : આરોગ્યધામનો લાભ લેનાર નૈસર્ગિક કુદરતી વાતાવરણમાં આરોગ્ય પ્રાપ્ત કરે.**

લોનાવલા સેનેટોરિયમનું આગોતરું બુકિંગ ગુર્જરવાડી, માટુંગામાં કરવામાં આવશે.
સમય : સવારના ૯.૩૦ થી બપોરના ૧૨.૦૦ કલાક તથા બપોરે ૩.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક

### ● સેનેટોરિયમના વિલા તથા બ્લોકનું બુકિંગ નીચે મુજબ મળશે ●

શુક્રવારથી રવિવાર (ત્રણ દિવસ) સોમવારથી બુધવાર (ત્રણ દિવસ)
ગુરૂવારથી રવિવાર (ચાર દિવસ) સોમવારથી ગુરૂવાર (ચાર દિવસ)
માત્ર ગુરૂવાર ખાલી હશે તો બુકિંગ ૭ દિવસ અગાઉ મળી શકશે.

### સેનેટોરિયમના ડીલક્ષ ટેરેસ ફ્લેટનું બુકિંગ નીચે મુજબ મળશે

સોમથી શુક્ર એક દિવસ અથવા વધારે જરૂરત હોય તો તે મુજબ તથા શનિ-રવિવારનું બુકિંગ બે દિવસનું સાથે લેવું ફરજીયાત છે. ખાલી હશે તો આગળના દિવસે એક દિવસ માટે પણ મળી શકશે.

કોઈપણ જગ્યા ખાલી હશે તો એક દિવસ અગાઉ એક દિવસ માટે લોનાવલા સેનેટોરિયમમાં તથા માટુંગા ઓફિસમાં પણ બુકિંગ થઈ શકશે.

### ❀ સર્વિસ ચાર્જ ડોનેશન રૂપે જ્ઞાતિજનો માટે નીચે મુજબ રહેશે. ❀

**બ્લોક** સોમવારથી ગુરૂવાર એક દિવસના રૂા. ૬૦૦/- + ૧૦૦/- = રૂા. ૭૦૦/- સાફ સફાઈ ચાર્જ સાથે (૪ વ્યક્તિ)
શુક્રવારથી રવિવાર એક દિવસના રૂા. ૮૦૦/- + ૧૦૦/- = રૂા. ૯૦૦/- સાફ સફાઈ ચાર્જ સાથે (૪ વ્યક્તિ)

**વીલા** સોમવારથી ગુરૂવાર એક દિવસના રૂા. ૧૫૦૦/- + ૨૦૦/- = રૂા. ૧૭૦૦/- સાફ સફાઈ ચાર્જ સાથે (૧૦ વ્યક્તિ)
શુક્રવારથી રવિવાર એક દિવસના રૂા. ૨૦૦૦/- + ૨૦૦/- = રૂા. ૨૨૦૦/- સાફ સફાઈ ચાર્જ સાથે (૧૦ વ્યક્તિ)

**ડીલક્ષ ટેરેસ ફ્લેટ** એક દિવસના રૂા. ૪૦૦૦/- + ૩૦૦/- = રૂા. ૪૩૦૦/- સાફ સફાઈ ચાર્જ સાથે (૧૫ વ્યક્તિ)

- ઉપર લખેલ વ્યક્તિ સંખ્યામાં પાંચ અથવા પાંચ વર્ષથી નીચેના બાળકોનો સમાવેશ થતો નથી. ઉપર લખેલ વ્યક્તિ ઉપરાંત પાંચ વર્ષથી ઉપરની દરેક વ્યક્તિ માટે વધારાના રૂા. ૨૦૦/- ચાર્જ લેવામાં આવશે.
- સભાસદ - જ્ઞાતિજનો સાથે કોઈપણ ઈતરજ્ઞાતિની વ્યક્તિ હશે તો ઉપરના દરેક ચાર્જ ઉપરાંત ઈતરજ્ઞાતિની વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/- વધારાનો વાર્જ લેવામાં આવશે.
- એક કાર દીઠ પ્રત્યેક દિવસના પાર્કીંગના ચાર્જ રૂા. ૫૦/- સેનેટોરિયમમાં વસૂલ કરવામાં આવશે.

## ❀ સર્વિસ ચાર્જ ડોનેશન રૂપે ઇતર જ્ઞાતિજનો માટે નીચે મુજબ રહેશે. ❀

**બ્લોક** સોમવારથી ગુરૂવાર એક દિવસના રૂા. ૯૦૦/- + ૧૦૦/- = રૂા. ૧૦૦૦/- સાફ સફાઇ ચાર્જ સાથે (૪ વ્યક્તિ)
શુક્રવારથી રવિવાર એક દિવસના રૂા. ૧૨૦૦/- + ૧૦૦/- = રૂા. ૧૩૦૦/- સાફ સફાઇ ચાર્જ સાથે (૪ વ્યક્તિ)

**વીલા** સોમવારથી ગુરૂવાર એક દિવસના રૂા. ૨૩૦૦/- + ૨૦૦/- = રૂા. ૨૫૦૦/- સાફ સફાઇ ચાર્જ સાથે (૧૦ વ્યક્તિ)
શુક્રવારથી રવિવાર એક દિવસના રૂા. ૨૮૦૦/- + ૨૦૦/- = રૂા. ૩૦૦૦/- સાફ સફાઇ ચાર્જ સાથે (૧૦ વ્યક્તિ)

**ડીલક્ષ ટેરેસ ફ્લેટ** એક દિવસના રૂા. ૫૦૦૦/- + ૩૦૦/- = રૂા. ૫૩૦૦/- સાફ સફાઇ ચાર્જ સાથે (૧૫ વ્યક્તિ)

- ઉપર લખેલ વ્યક્તિ સંખ્યામાં પાંચ અથવા પાંચ વર્ષથી નીચેના બાળકોનો સમાવેશ થતો નથી. ઉપર લખેલ વ્યક્તિ ઉપરાંત પાંચ વર્ષથી ઉપરની દરેક વ્યક્તિ માટે વધારાના રૂા. ૨૦૦/- ચાર્જ લેવામાં આવશે.
- કારના પ્રત્યેક દિવસના પાર્કીંગના ચાર્જ રૂા. ૫૦/- સેનેટોરિયમમાં વસૂલ કરવામાં આવશે.

**ચેક ઇન ટાઇમ સવારે ૧૦.૦૦ કલાકે ● ચેક આઉટ ટાઇમ સવારે ૮.૦૦ કલાકે**

### નિયમો તથા માહિતી :

૧) કોઇપણ મુદ્દત દરમ્યાન અગાઉથી કન્ફર્મ બુકિંગ કરી આપવામાં આવશે.

૨) બુકિંગ કરાવ્યા પછી કોઇપણ સંજોગોમાં ભરેલ રકમ પરત કરવામાં આવશે નહિ. મરણ જેવા સંજોગોમાં ભરેલ રકમ ડીપોઝીટ રૂપે જમા રાખવામાં આવશે. જેનો ઉપયોગ એક વર્ષની અંદર ખાલી હોય તે દિવસે બુકિંગ કરી કરાવી શકાશે.

૩) કોઇપણ અરજી મંજૂર - નામંજૂર કરવાની અધિકારીઓને સત્તા છે. જે માટે કારણ આપવામાં આવશે નહિ.

૪) સભાસદો - જ્ઞાતિજનો સાથે કોઇપણ ઇતરજ્ઞાતિની વ્યક્તિ હશે તો વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/- વધારાનો ચાર્જ લેવામાં આવશે.

૫) મરણ સિવાયના બુકિંગમાં ફેરફાર કરવો હશે તો ખાલી હશે તે દિવસે ૩૦ ટકા વધારે લઇ કરી આપવામાં આવશે. આ ફેરફાર કરેલ બુકિંગના અઠવાડિયા અગાઉ કરવાનો રહેશે.

૬) બુકિંગની તારીખ અથવા ચાર્જ વસૂલ કરવામાં કાંઇપણ ફરિયાદ હોય તો લેખિત સમાજના મંત્રીશ્રીના નામે કરવી. એફિસ અથવા સેનેટોરિયમના મેનેજર સાથે કોઇ વાદ વિવાદ કરવો નહિ. આવેલ ફરિયાદ પર પુરતું ધ્યાન આપવામાં આવશે.

૭) માનવ સહજ ભૂલને કારણે ડબલ બુકિંગ થઇ ગયું હોય અથવા બુકિંગ કરાવેલી જગ્યાનો બીજાને કબજો અપાઇ ગયો હોય તો વિકલ્પ જગ્યા આપવા પૂરો પ્રયત્ન કરવામાં આવશે. છતાં પણ ન થઇ શકે તો ભરેલ રકમ માટુંગા ઓફિસેથી પરત કરવામાં આવશે. જે માટે બુકિંગ કરાવનારે સહકાર આપવો. આ પ્રમાણેના કેસમાં શક્ય હશે તે રીતે અગાઉથી જાણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

૮) કોઇપણ અરજી નામંજૂર કરવાની અધિકારીઓ સત્તા છે અને તે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિં.

૯) અરજી કરનાર જયારે સેનેટોરિયમમાં રહેવા જાય ત્યારે રજા ચિઠ્ઠીની રસિદ સાથે લઇ જવી જરૂરી છે, રજા ચિઠ્ઠીની રસિદ આપ્યા બાદ કબજો આપ્યાની સ્લીપમાં ત્યાં જનાર સર્વે વ્યકિતના નામો, ઉંમર સગપણ લખ્યા બાદ જ જગ્યાનો કબજો આપવામાં આવશે. (રજા ચિઠ્ઠીની રસિદ વગર બ્લોક/વિલાનો કબજો આપવામાં આવશે નહિં.) બુકિંગની મુદ્દત દરમ્યાન જયારે કોઇ બ્લોક/વિલામાં આવેલ વ્યકિતઓ જાય અથવા કોઇપણ નવી વ્યકિતઓ આવે ત્યારે તેમના નામ, ઉંમર, સગપણ તથા તે વ્યકિત/વ્યકિતઓ જેટલા દિવસ રોકાવાની હોય તેની ઓફિસમાં નોંધ કરાવવી ખાસ જરૂરી છે. (દરેક બ્લોક/વિલામાં નિયમ પ્રમાણે જ રહેવા દેવામાં આવશે.)

૧૦) જેઓના નામે બુકિંગ હશે તેઓ જ તેનો વપરાશ કરી શકશે. પોતાના બદલે બીજા કોઇને આપી શકશે નહિં.

૧૧) બ્લોક/વિલાનો કબજો સવારના ૧૦.૦૦ વાગ્યે મળશે, તેમ જ સવારના ૮.૦૦ વાગ્યા અગાઉ ખાલી કરી આપવાનો રહેશે.

૧૨) સેનેટોરિયમ બ્લોક/વિલા માટેની ડિપોઝીટની રકમ લોનાવલા સેનેટોરિયમ ખાતે બ્લોક/વિલાનો કબજો લેતાં પહેલા રૂા. ૧૦૦૦/- રકમ ભરવાની રહેશે. સેનેટોરિયમના જે કાંઇ ચાર્જ થતાં હશે તે ખાલી કરતી વખતે તે ડિપોઝીટની રકમમાંથી બાદ કરીને રસીદ આપીને બાકીની ડિપોઝીટની રકમ પરત (સેનેટોરિયમ ખાતે જ) આપવામાં આવશે. વપરાશકારે વધારે દિવસ રહેવું હશે અને જગ્યા ખાલી હશે તો જેટલા દિવસ રહેવું હશે એટલા દિવસના ભાડાની રકમ સેનેટોરિયમમાં જમા કરાવી રસીદ મેળવી લેવાની રહેશે.

૧૩) એક અઠવાડિયાનું બુકીંગ સાથે મળી શકશે.

૧૪) અરજી કરનારે જે દિવસ માટે રજા ચિઠ્ઠી હશે તે દિવસથી જ બ્લોક/વિલાનો કબજો લેવાનો રહેશે. જો કબજો લેવામાં નહિં આવે તો તે બીજાને આપવાનો સમાજને અધિકાર છે અને રહેશે, તે બાબતની કોઇ જાતની ફરિયાદ, વિરોધ વાંધો ચાલશે નહિં. મોડેથી આવનાર અથવા એક દિવસ બાદ કબજો લેનારે સેનેટોરિયમ પર અગાઉ જાણ કરવી જરૂરી છે.

૧૫) બ્લોક/વિલા નંબર એલોટ થયા બાદ સંજોગોને આધીન ફેરફાર કરવાનો હકક સંસ્થાને છે, તે બાબત તકરાર કરવી નહિં.

૧૬) બુકિંગ વગર આવનાર જે દિવસે આવશે તે દિવસે જગ્યા ખાલી હશે અને મેનેજરને યોગ્ય લાગશે તો આપી શકશે, તેનું બુકિંગ રેગ્યુલર ચાર્જ લઇને એક દિવસ અથવા વધારે દિવસ માટે આપવામાં આવશે.

૧૭) સેનેટોરિયમમાં બ્લોક/વિલા કામચલાઉ ધોરણે તથા સમાજના સેનેટોરિયમના નિયમોને આધિન, સર્વિસ ચાર્જ વસૂલ કરીને આપવામાં આવશે. તેથી કોઇપણ જાતના ભાડૂત તરીકેના હકકો અરજી કરનારે અથવા તેની સાથે રહેનારને પ્રાપ્ત થતા નથી.

૧૮) સમાજના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સેનેટોરિયમના મેનેજર તથા તેમની સાથેના કર્મચારીને બ્લોક/વિલામાં કોઇપણ સમયે પ્રવેશ કરવાનો/તપાસ કરવાનો અધિકાર રહેશે અને રહેનાર તેનો પ્રતિકાર કે વિરોધ કરી શકશે નહિં. સહકાર આપવો.

૧૯) સેનેટોરિયમમાં રાખવામાં આવેલ કોઇપણ વસ્તુ તેમજ બ્લોક/વિલામાં રાખવામાં આવેલ કોઇપણ વસ્તુ બહાર લઇ જવા દેવામાં આવશે નહિં. બ્લોક/વિલામાં આપવામાં આવેલ વસ્તુ સિવાય મેનેજરની રજા વગર બીજા બ્લોક/વિલાની વસ્તુઓનો ઉપયોગ કરવો નહિં.

૨૦) સેનેટોરિયમમાં બિનશાકાહારી વસ્તુઓ/કેફી કે માદક પદાર્થ/પીણા લાવી શકશે નહિં. તેમજ કંદમૂળ વગેરે અજૈન ખોરાક પણ વાપરી શકશે નહિં. જુગાર તથા અસામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે સંપૂર્ણ પ્રતિબંધ છે જો નિયમોનું ઉલ્લંઘન/અનાદર કરવામાં આવશે તો તેમને આપવામાં આવેલ જગ્યા તુરંત ખાલી કરાવવામાં આવશે અને ભવિષ્યમાં તેઓને સેનેટોરિયમનો વપરાશ કરવા દેવામાં આવશે નહિં.

૨૧) સેનેટોરિયમ ફકત આરામ, શાંતિ માટે છે. વપરાશકારે સેનેટોરિયમાં અન્ય કોઇ રહેનારને અગવડ થાય અથવા માનસિક ત્રાસ થાય તેમ કરવું નહિં/વર્તવું નહિં. રેડિયો કે ટી. વી. જેવા વિજાણું સાધનોના ઉપયોગથી બીજા કોઇને ત્રાસ ન થાય તેનું ધ્યાન રાખવું.

૨૨) દાતા-ડોનરે દાતા ડોનરનું ફોર્મ અરજી સાથે મોકલવાનું રહેશે.

૨૩) ગેલેરીમાં ઉભા રહીને બ્રશ દાતણ કરવા નહિં. કચરો બહાર ફેંકવો નહિં, ગંદકી કરવી નહિં, દરેક બ્લોક/વિલામાં આપવામાં આવેલ ડસ્ટબીનનો ઉપયોગ કરવો. ગાર્ડનમાં બાંકડા ઉપર ગેલેરીની પાળી ઉપર તથા બહારના પેસેજના કઠડા ઉપર કપડાં સૂકવવા નહિં. સગવડ આપી હોય ત્યાં જ સૂકવવા. અન્ડરવેર જેવા નાના કપડા સિવાય કપડા ધોવાની સખ્ત મનાઇ છે.

૨૪) નાના બાળકો હોય તો આપવામાં આવેલ રબર વાપરવું. ગાદલા, ખોળ, ચાદર વિગેરે કોઇપણ કારણસર ખરાબ થશે તો રૂા. ૧૦૦/- ધોલાઇ ચાર્જ આપવાનો રહેશે. ઉપરાંત બીજી કોઇ નુકસાની થશે તો તેનો ચાર્જ મેનેજર જે નકકી કરશે તે ભરવાનો રહેશે.

૨૫) જયારે પણ જરૂરત ન હોય ત્યારે પંખા, એસી, લાઇટ, નળ વગેરે બંધ રાખવા.

૨૬) સાફ સફાઇ માટે બહાર જતી વખતે ચાવી કાઉન્ટર ઉપર આપી જવી.

૨૭) મકાનના કોઇપણ ભાગને નુકસાન થાય તેવી રમત રમવી નહિં. ઝાડ-ફૂલને બાળકો નુકસાન ન કરે તેનું વડિલોએ ખાસ ધ્યાન રાખવું. રૂમ/બ્લોકમાં આપવામાં આવેલ વસ્તુઓ હોલની તથા રૂમોની કાચની બારીઓ અથવા આરોગ્યધામની અન્ય કોઇપણ વસ્તુઓને નુકસાન થશે તો સમાજ નકકી કરે તે કિંમત આપવી પડશે. નકકી કરેલ કિંમત માટે કોઇપણ કારણ આપવામાં આવશે નહિં અને તે માટે કોઇપણ જાતની તકરાર કરવી નહિં. વાંધો ઉઠાવવો નહિં.

૨૮) સેનેટોરિયમના કર્મચારી/મેનેજર અથવા વ્યવસ્થા સંબંધી ફરિયાદ હોય તો ઝઘડો ન કરતાં ઓફિસમાં રાખવામાં આવેલ ફરિયાદ બુકમાં વિગતવાર ફરિયાદ લખવી અથવા સમાજની ઓફિસમાં લેખીત જણાવવું. વાદવિવાદ/ફરિયાદ વ્યાજબી હશે તો યોગ્ય કરવામાં આવશે.

૨૯) સેનેટોરિયમના સર્વિસ ચાર્જમાં તેમજ નિયમોમાં ફેરફાર કરવાની સમાજના અધિકારીઓનો અબાધિક હકક છે જે ફેરફાર થાય તો તેનો અમલ વપરાશકારે કરવો ફરજીયાત છે.

૩૦) સ્ટાફના માણસને બહારનું કામ સોંપવું નહિં.

૩૧) આરોગ્યધામમાં આવેલ ભોજનાલયમાં જમવાનો/ચા-નાસ્તાનો ચાર્જ જુદો લેવામાં આવે છે. ભોજનાલય બાબતનો હિસાબ ત્યાં ભોજનાલયમાં સમજી ચૂકવી આપવાનો રહેશે. ભોજન બાબતમાં અથવા ભોજનાલયના કર્મચારી બાબત કોઈપણ ફરિયાદ હોય તો ભોજનાલયના કર્મચારી સાથે તકરાર કરવી નહિં. ભોજનાલયની બુકમાં લખવી અથવા મેનેજરને ફરિયાદ કરવી. ચા-નાસ્તો, થાળી બ્લોકમાં આપવામાં આવશે નહિં.

૩૨) આરોગ્યધામમાં રહેવા આવનારે પોતાનુ જોખમ (રોકડ સહિત) સંભાળીને /સાચવીને રાખવું. ગુમ થાય અથવા ચોરી થાય તે માટે સમાજની કોઈપણ જવાબદારી રહેશે નહિં.

૩૩) ઉપર જણાવેલ સર્વે નિયમો મેં વાંચ્યા છે અને તે મને અને મારી સાથે રહેવા આવનારને કબુલ મંજુર છે, તેમજ બંધનકર્તા છે.

## ખાસ સૂચના

લોનાવલા પોલીસ સ્ટેશનની સૂચના મુજબ બ્લોક/વિલાનો કબજો લેતા સમયે દરેક બ્લોક, વિલા તથા ડીલક્ષ ફ્લેટ નોંધાવનાર મુખ્ય વ્યક્તિએ પોતાના આઈડેન્ટીટી કાર્ડ (ઓળખ પત્ર)ની ઝેરોક્ષ કોપી સેનેટોરિયમમાં આપવી ફરજીયાત છે.

તા.____________________

____________________
અરજી કરનારની સહી


## ખાસ વિનંતી :

**આપના કંઈ પણ સૂચનો - ફરિયાદ - શું ગમ્યું ? શું ન ગમ્યું ? તેની સૂચન બુકમાં નોંધ કરવા વિનંતી. સંજોગોવશાત પાણી અથવા પાવર સપ્લાયમાં કંઈ મુશ્કેલી થાય તો સ્ટાફને સહકાર આપવા વિનંતી.**

## સેનેટોરિયમ પહોંચવાનો નકશો

પૂના - મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે છોડ્યા પછી જૂના પૂના-મુંબઈ હાઈ-વે પર ખંડાલા માર્ગે લગભગ ત્રણ કિ.મી. પછી ડાબી બાજુ **L.N.T.**નું સંકુલ આવે છે. તે પાસ કરતાં લગભગ ૧૦૦ મીટર પછી ડાબી બાજુ પાંચ બંગલા રોડ છે. ત્યાંથી આગળ જતાં જ્યાં એક સીધો રોડ વાગડ સેનેટોરિયમ બાજુ જાય છે, ત્યાં નહિ જતાં જમણી બાજુ બ્રીજીસ હોટલ બાજુ થઈ આગળ એન્કરવાલા સેનેટોરિયમ આવે છે. ત્યાંથી ૧૦૦ મીટર આગળ જતાં સામેની બાજુ ઈન્દીરા નગરની બાજુમાં નાની ગલીમાં એક બાજુ મંદિર છે ત્યાંથી અંદર જતાં સેનેટોરિયમ પહોંચી જશો.

બજારમાંથી બરાબર **S.T.** બસ સ્ટેન્ડમાંથી બસનો બહાર જવાનો રસ્તો છે, તેની બરાબર સામે મગનલાલ ચીકકી (પંચરત્ન)ની દુકાન છે. તે ગલીમાં આગળ એક કિ.મી. જતાં ચાર રસ્તાનું જંકશન છે. ત્યાં રાઈટ - લેફ્ટ નહિ જતાં લોન્ડ્રીની ડાબી બાજુની ગલીમાં જમણી બાજુ મંદિર છે ત્યાંથી અંદર જતાં સેનેટોરિયમ પહોંચી જશો. (આ માર્ગે બસ નહીં નીકળી શકે.)






**શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ માટુંગા (પાખાડી)** સંચાલિત
**શ્રી નાનાલાલ સ્વરૂપચંદ ચત્રભુજ ખંડોર સેનેટોરીયમ**
Phone : 02114 - 278900 ● Mobile : 08007015571